RNI No. GUJGUJ/2011/44815



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

વર્ષ : ૫
ફેબ્રુઆરી - ૨૦૧૬
કિંમત - રૂ.૧૦/-

# શ્રી રઘુકુળ વિશ્વ



## રઘુવંશી ધ્વજવંદન

રઘુકુળ ભૂષણ રામના વંશજ લોહાણાઓ અમે
રવિકુળ તણા ગૌરવ સમું જીવન અમારું જીવીએ...
રઘુવંશના આદર્શ ભ્રાતૃભાવને નિભાવીએ
પિતૃભક્તિને સમર્પણથી જીવન શોભાવીએ...
ધર્મમર્યાદા સહિત નિજ વચન પાલનને વિશે
ઉત્સુક સદા રહીને જીવન રથ સતત હંકારીએ...
જલારામબાપા યોગીબાપાના શુભાશીર્વાદથી
ઝુલેલાલની કરૂણા થકી માનવજીવન દિપાવીએ...
અમે રામના સંતાન સૌ સાથે મળીને ચાલીએ
જય રામ સીતારામના જયનાદને જ ગજાવીએ...
જય રામ સીતારામનો એ વિજયધ્વજ લહેરાવીએ
એ વિજયધ્વજ લહેરાવીએ...

જય મહાપરિષદ

## આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન

જ્યોત સે જ્યોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...





# માતૃસંસ્થાની અટારીએથી...





## રઘુવંશી મહાસંમેલનની ભવ્ય સફળતાના હિસ્સેદાર બનીએ..

પરમપ્રિય જ્ઞાતિબંધુ – ભગિનીઓ,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી લોહાણા સમાજના સામાજીક કાર્યોની દૃષ્ટિએ ૨૦૧૬ના વર્ષનો પ્રથમ જાન્યુઆરી મહિનો પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, વર્કશોપ, પરિસંવાદ, બેઠકો, દાદા જસરાજના શહીદદિને જ્ઞાતિ જમણ, થેલેસેમિયા ટેસ્ટ શિબિર, રક્તદાન કેમ્પ, પરિચય મેળા સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ મહાનગરો, નગર અને ગામે ગામ અવિરત ચાલતી રહી. રઘુવંશી લોહાણા સમાજ જ્ઞાતિબંધુઓના ઉત્કર્ષ માટે જનકલ્યાણના માર્ગે પ્રયાણ કરી ચૂક્યો છે. સમગ્ર સમાજ માટે એ એક શુભસંકેત છે. જ્ઞાતિના સંગઠન અને એકતાના સુદૃઢ પાયાનું નિર્માણ થઈ રહ્યું હોવાનું હવે અનુભવી શકાય છે.

આ માસમાં ઉત્તરાયણની પૂર્વસંધ્યાએ શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોનો વર્કશોપ તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ મહારાષ્ટ્રની કુંભનગરી નાશિક ખાતે યોજાયો. માતૃસંસ્થાની કારોબારીની બેઠક સિવાય તમામ હોદ્દેદારો આ રીતે બે દિવસ સુધી સાથે રઘુવંશી સમાજના કલ્યાણના પ્રોજેક્ટ્સ અંગે વિસ્તૃત અને મુક્ત ચર્ચા-વિચારણા કરે અને પરસ્પર નિકટના પરિચયમાં આવે તે ઉદ્દેશથી યોજવામાં આવેલી આ બેઠક તેના ઉદ્દેશમાં અપેક્ષા કરતાં પણ અનેકગણી વધુ સફળ રહી. હોદ્દેદારોએ આવી બેઠક નિયમિત રીતે યોજવાના સૂચન કર્યા તેને સ્વીકારીને વર્ષમાં કમ સે કમ એક વખત આ રીતે મળવાનું નક્કી કરવામાં આવ્યું છે. નાશિક બેઠકના આ આયોજન માટે ત્યાંના સ્થાનિક લોહાણા મહાજનો, સંસ્થાઓ અને મહાનુભાવોએ સુવિધા અને વ્યવસ્થા ગોઠવી હતી એ પ્રશંસાને પાત્ર બની રહી. એ માટે નાશિકના તમામ જ્ઞાતિ અગ્રણીઓ અને મહાજન સંસ્થાઓ અભિનંદનના અધિકારી છે. નાશિકમાં થયેલી ચર્ચા-વિચારણા અને નિર્ણયોના પરિણામપણ જોવા મળી રહ્યાં છે. આગામી દિવસોમાં એ દિશામાં વધુ સક્રિયતા અને ગતિશીલતા અપેક્ષિત છે.

ફેબ્રુઆરી મહિનામાં પૂજ્ય સંતશ્રી ભાણસાહેબના સમાધિસ્થળ કમીજલા ખાતે યોજાઈ રહેલ પૂ.મોરારીબાપુની રામકથા અને બે કથાના બીજા દિવસે ૧૪ ફેબ્રુઆરીના રોજ યોજાયેલા મહત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય રઘુવંશી મહાસંમેલન માટેની વ્યાપક તૈયારીઓ અને જ્ઞાતિ સંપર્કની ઝુંબેશ સમગ્ર માસ દરમિયાન સારી રીતે ચાલી. રઘુવંશી લોહાણા મહાસંમેલન એ સમાજના સંગઠન, એકતા અને સમાજની શક્તિના સાક્ષાત્કાર માટે એક સાર્થક પ્રયાસ બની રહેશે. આપણી સામુદાયિક શક્તિનો સાક્ષાત્કાર સમાજની પ્રત્યેક વ્યક્તિમાં નવી ચેતના અને ઉત્સાહનો સંચાર કરશે. સમાજની પ્રત્યેક વ્યક્તિના સુખ-દુ:ખમાં આપણે સૌ સાથે છીએ એવી ભાવના નિર્માણ કરવામાં આવાં સંમેલન મહત્વની ભૂમિકા ભજવે છે. રઘુવંશી લોહાણા સમાજનું આ મહાસંમેલન સમાજની સંગઠનની દૃષ્ટિએ એક અનન્ય સીમાચિન્હ બની રહેશે. તેમાં ઉપસ્થિત રહેનારા મહાનુભાવો, સંતો, દેશ-વિદેશના જ્ઞાતિબંધુઓ, મહાજન શ્રેષ્ઠીઓ અને આ મહાસંમેલનમાં જેનો શુભારંભ થવાનો છે એવા કેટલાક વિશિષ્ટ પ્રોજેક્ટ્સને કારણે તેની મહત્તા વધી જાય છે.

આ મહાસંમેલનમાં દેશ-વિદેશના શ્રેષ્ઠીઓનું સાનિધ્ય માણવા મળશે. સંમેલનમાં ગતિશીલ ગુજરાતના મુખ્યપ્રધાન આદરણીય શ્રી આનંદીબહેન પટેલ ખાસ આપણા આમંત્રણને માન આપીને પધારી રહ્યાં છે. પૂ.મોરારીબાપુના આશીર્વાદ મેળવવા માટે પણ આપણો સમાજ ઉત્સુક છે.

આપણી એકતા, આપણા સંગઠન અને આપણી આયોજન શક્તિ માટે એક કસોટી અને એક પડકારરૂપ એવા આ મહાસંમેલનની ભવ્ય સફળતા વિશે મારા મનમાં કોઈ જ શંકા નથી. આવા આ સંમેલનના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય આપણને સૌને મળ્યું છે ત્યારે તેનાથી કોઈ રઘુવંશી જ્ઞાતિજન અલિપ્ત ન રહે અને આ ઐતિહાસિક મહાસંમેલનના હિસ્સેદાર બની સર્જાઈ રહેલા ઇતિહાસના માત્ર સાક્ષી નહીં તો તેના એક સક્રિય ઘટક બની રહીએ એવી જ આકાંક્ષા અને અપેક્ષા સાથે જય જલારામ.

આપ સૌના શુભાકાંક્ષી

**પ્રવિણ ટી. કોટક તથા સમગ્ર ટીમ**

**વર્ષ : ૫**
**ફેબ્રુઆરી - ૨૦૧૬**
**અંક : ૫૧**
**માલિક**
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ કોટક

તંત્રી : તરૂણ દત્તાણી

વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા
વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (રાયપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૦૯

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


માતૃસંસ્થાની અટારીએથી...... ૨
અનુક્રમણિકા...... ૩
તંત્રી સ્થાનેથી...... ૪
તીર્થસ્થાન કમીજલા : મહાત્મ્ય...... ૫
શ્રી લોહાણા મહાપરિષદ - એક ઝલક...... ૬
શ્રી લોહાણા મહાપરિષદ - સૂત્રધારો...... ૭
શ્રી લોહાણા મહાપરિષદ - વર્તમાન સૂત્રધારો...... ૮
શ્રી લોહાણા મહાપરિષદ - વર્તમાન...... ૧૦
હોદ્દેદારોનો પરિસંવાદ - નાસિક...... ૧૧
કાર્યાલય સમાચાર...... ૧૨
સંસ્થા સમાચાર...... ૧૪
નવીન પ્રકલ્પો...... ૧૫
જાહેરખબર...... ૧૬


# આભાર સહ અભિનંદન

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વને આર્થિક રીતે બળ આપવા તા. ૧૧-૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ કુંભનગરી નાશિક ખાતે યોજાયેલા હોદ્દેદારોના પરિસંવાદમાં નીચે મુજબના ૩૨ જ્ઞાતિશ્રેષ્ઠીઓ તરફથી શ્રી રઘુકુળ વિશ્વ માટે રૂા. ૨૫,૦૦૦ના આર્થિક સહયોગ સાથે ૩૨ જાહેરાતો મળેલ છે. જેમની વિગતો પ્રાપ્ત થયે આગામી અંકથી તે પ્રકાશિત કરવામાં આવશે. આ તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓનો આ તબક્કે આભાર વ્યક્ત કરીએ છીએ.

| | |
|---|---|
| પ્રવિણભાઈ કોટક, અમદાવાદ | જગદીશભાઈ ઠક્કર, નાશિક |
| ધવલભાઈ આચાર્ય, અમદાવાદ | હરીલાલ ડી. રામાણી, આદિપુર |
| કે. સી. ઠક્કર, ગાંધીધામ | જિજ્ઞેશભાઈ ભજીયાવાલા, સુરત |
| સુનીલભાઈ રાજાઈ, સુરત | ડો. ભાવેશભાઈ આચાર્ય, |
| રઘુવીરભાઈ ગઢીયા, અમદાવાદ | ભરતભાઈ રેલીયા, રાજકોટ |
| બીપીનભાઈ બાટવિયા, નાશિક | હસુભાઈ ભગદેવ, રાજકોટ |
| ભરતભાઈ ચંદારાણા, નાશિક | મોહનભાઈ ઠક્કર, મુંબઈ |
| સુરેશભાઈ કોટક, નાશિક | નીતીનભાઈ રાયચુરા, રાજકોટ |
| ભરતભાઈ દનાણી, મુંબઈ | શંભુભાઈ હરીયાણી, અમદાવાદ |
| કિશનભાઈ સોમાણી, નાશિક | સુરેશભાઈ ચંદારાણા, રાજકોટ |
| યોગેશભાઈ કાનાણી, નાશિક | કરશનભાઈ કતીરા, નાશિક |
| કિશોરભાઈ ઠક્કર, નાશિક | ગીરીશભાઈ કોટક, અમદાવાદ |
| મગનભાઈ રૂપારેલ, વડોદરા | ઠાકોરભાઈ ઠક્કર, વડોદરા |
| લલીતભાઈ સચદે, નાશિક | ભરતભાઈ ઠક્કર, નાગપુર |
| નીતીનભાઈ પાંધી, મુંબઇ | મુકેશભાઈ ચોથાણી, નાશિક |
| શૈલેષભાઈ સોનપાલ, સુરત | પિયુષભાઈ ગંઠા, મુંબઈ |

# ‘શ્રી રઘુકુળ વિશ્વ’ પ્રત્યેક લોહાણા પરિવારનું અભિન્ન અંગ બને



વ્યક્તિઓના સમુહથી સમાજ બને છે એ વાત સાચી, પરંતુ માત્ર વ્યક્તિઓ એકત્ર થાય તેનાથી સમાજ બનતો નથી. વ્યક્તિને જોડનારું કોઈ તત્ત્વ હોય ત્યારે એ એક સુગ્રથિત સમાજ બને છે. આપણા લોહાણા સમાજને જોડનારું આવું તત્ત્વ છે રઘુવંશી વિચાર, રઘુવંશી પરંપરા, સમાજની આ વિચારધારાને બળ પૂરું પાડે છે. સમાજના સંતો અને શ્રેષ્ઠીઓના જીવન સમાજને દોરવણી આપનારા અગ્રણીઓ સમાજની એકતા અને સંગઠન માટે પ્રેરણા પુરુષ બને છે. સમાજના વિવિધ ઘટકોમાં કોઈની પાસે સંપત્તિ હોય, કોઇની પાસે જ્ઞાન હોય તો કોઈની પાસે કૌશલ્ય હોય. આ બધાના સંયુક્ત પ્રદાન અને સંયોજન દ્વારા સમાજનો ઉત્કર્ષ શક્ય બને છે. સમાજની એકતા અને સંગઠનને સતત અને કાયમી સ્તરે જાળવી રાખી આગળ ધપાવવા માટે લોહાણા સમાજના તમામવ્યક્તિ સાથે એક વિચાર સાથે  સંપર્કનું માધ્યમછે ‘શ્રી રઘુકુળ વિશ્વ’. આપણી માતૃસંસ્થાનું આ સામયિક એ કોઈ સામાન્ય મેગેઝીન નથી. વ્યક્તિ અને સમાજ માટે તેની અનેકવિધ મહત્તા અને ઉપયોગિતા છે. પ્રત્યેક વ્યક્તિને એક વિચારથી જોડનારા આ તત્ત્વથી રઘુવંશી સમાજનો કોઈ પરિવાર અલિપ્ત રહેવો ન જોઈએ. રઘુવંશી સંગઠન અને માતૃસંસ્થાનો વિચાર પ્રત્યેક લોહાણા જ્ઞાતિજન સુધી પહોંચાડવાના મહત્વાકાંક્ષી લક્ષ્ય સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. ‘શ્રી રઘુકુળ વિશ્વ’ પ્રત્યેક લોહાણા પરિવારમાં, ઘરમાં, મહાજન સંસ્થા, ટ્રસ્ટો, વાડીઓ, બોર્ડીંગ – છાત્રાલયો, વેપાર–ઉદ્યોગો, ડોક્ટર – વકીલ – અધિકારીઓ સુધી પહોંચવું જ જોઈએ એવો આગ્રહ આપણે રાખવો પડશે. આપણા શહેરના આવા પ્રત્યેક સ્થળો, વ્યક્તિઓ અને સંસ્થા – મહાજનોમાં ‘રઘુકુળ વિશ્વ’ આવે છે કે કેમએ ચકાસી, ન આવતું હોય તો  ત્યાં આવતું થાય એ આપણી સૌની ફરજ અને જવાબદારી બની રહેવી જોઈએ. ‘શ્રી રઘુકુળ વિશ્વ’ બધે પહોંચતું હશે તો ત્યાં લોહાણા સમાજનો અને શ્રી લોહાણા મહાપરિષદનો વિચાર ધબકતો રહેશે. એ ઘરમાં, સંસ્થામાં કોઈ પણ સમયે સમાજની પ્રવૃત્તિ માટે સહકાર મેળવવાનું સરળ બનશે. યાદ રાખો, ‘શ્રી રઘુકુળ વિશ્વ’ એ આપણા લોહાણા સમાજની નવી પેઢી માટે  એક સંસ્કાર છે. પરિવારમાં અને ઘરમાં ‘શ્રી રઘુકુળ વિશ્વ’ની હાજરી એ સંગઠન અને સંસ્કાર, વ્યક્તિ અને સમષ્ટિના કલ્યાણનો દૃષ્ટિકોણ, સમાજ માટે કાર્ય કરવાનો, થોડું સમર્પણ અને થોડો ત્યાગ કરવાની પ્રેરણાનું માધ્યમછે. ‘શ્રી રઘુકુળ વિશ્વ’ ક્યારેય જૂનું થતું નથી. તેના જૂના અંકો પણ એટલા જ પ્રેરક હોય છે, તેમાં સમાજની પ્રવૃત્તિ અને વિચારની વાતો હોય છે. એ વાંચનારા મનમાં કોઈ પણ ક્ષણે એક સારા વિચારને જન્મઆપી શકે છે. એટલે ‘શ્રી રઘુકુળ વિશ્વ’ને પ્રત્યેક ઘરમાં વસાવવાનું લક્ષ્ય રાખીએ. રઘુવંશી સમાજના સંગઠન અને ઉત્કર્ષના કાર્ય માટે વ્યક્તિને પ્રેરિત અને ગતિશીલ કરવા માટે આ માધ્યમઉપયોગી છે. એ વાત યાદ રાખીએ. ‘શ્રી રઘુકુળ વિશ્વ’ને મેળવવા માટેની વિગતો અહીં નીચે આપી છે. તેને લક્ષ્યમાં લઈ ‘શ્રી રઘુકુળ વિશ્વ’ પ્રત્યેક રઘુવંશી લોહાણા પરિવારનું અભિન્ન અંગ બની રહે એવા પ્રયાસ કરીએ. આપણી સફળતા નિશ્ચિત છે.




## રઘુકુળ વિશ્વ હેલ્પલાઈન

સુજ્ઞ સભ્યશ્રીઓ,

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વમાં ઉત્સાહભેર સભ્યો જોડાઈ રહ્યા છે જેમાં તમામ પદાધિકારીઓ સક્રિય રીતે સહયોગી બની રહ્યા છે. શ્રી રઘુકુળ વિશ્વ મુખપત્ર પોસ્ટના વિશેષ પરવાનાથી દેશભરમાં મોકલવામાં આવે છે, આમ છતાં જો ક્યાંય કોપી ન પહોંચતી હોય તો મધ્યસ્થ કાર્યાલય પર આપના એડ્રેસની ખરાઈ કરાવી લેવી. શ્રી રઘુકુળ વિશ્વમાં એડ્રેસમાં ફરફાર કરાવવા, નવા સભ્યો માટે વધારાની નકલો મંગાવવા કે શ્રી રઘુકુળ વિશ્વને લગતા અન્ય કોઇ પણ પ્રકારના કામકાજ માટે વિશેષ **હેલ્પલાઇન નંબર ૯૯૦૯૯૯૯૩૦૯** શરૂ કરેલ છે જે અમદાવાદ ખાતે શ્રી પ્રવિણભાઈ ભગદેવ પાસે ઉપલબ્ધ છે.

- કાર્યાલય




# તીર્થસ્થાન કમીજલા :મહાત્મ્ય



**ભાણ કહે તું ભટકીશ મા, મથી જોને માંચ,**
**સમજીને જો બેસી રહે, તો કરવું પડે ન કાંચ**
**... ભાણસાહેબ**

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને યાયાવર નજીક આવેલ વિરમગામ તાલુકાના કમીજલા ભાણસાહેબની ચેતનસમાધિ છે.

આજથી આશરે ૨૫૦ વર્ષ પહેલા સંતશ્રી રામના નામને અને રામની સેવાને વરેલા શ્રી ભાવવશ થઇને ઘરે લઈ જવા માટે રામદુહાઈ આવેલો ભરવાડ મેપો એક ડગલું ભરો તો ઘોડા પરથી ઉતરી જમીન પર ઉભા રહી ગયા. જવા માટે વિનંતી કરવા લાગ્યો ત્યારે વચ્ચે છે એક ડગલું આગળ પણ ન જવાય અને રામનામની આ સમજ સાથે ભાણસાહેબે ત્યાં નામની ઘોડી અને  કનક નામની કૂતરી જે મુંગા પ્રાણીઓના પણ શરીર શાંત થયા છે અને



સંત શ્રી ભાણસાહેબ

પક્ષીઓના તીર્થ તરીકે જાણીતા નળસરોવરની ગામે રવિભાણ સંપ્રદાયના આદ્યપુરુષશ્રી

ભાણસાહેબે આ ગામમાં સમાધિસ્થ થયેલા ભાણસાહેબે આ જ ગામના મેપા ભરવાડે ઉચ્ચારેલી. કથા એવી છે કે ભાવાવેશમાં રામદુહાઈ. આ સાદ કાને પડતાં જ ભાણસાહેબ મેપો ભરવાડ પ્રસન્ન થઈને પોતાને ઘરે લઈ ભાણસાહેબે કહ્યું મેપા ‘હવે તો રામદુહાઈ’’ એક ડગલું પાછળ પણ ન જવાય અને જીવંત સમાધિ લીધી. તેમની સાથે સોનલ તેમના  પરિભ્રમણ સમયે સાથે રહેતા હતા તે તેમની પણ સમાધિ અહીંયા મોજૂદ છે.

રવિભાણ સંપ્રદાય એવું નામ ભાણસાહેબ અને તેમના પ્રણામી શિષ્ય રવિસાહેબના નામ ઉપરથી સ્થપાયેલું છે. મધ્યકાલિન ગુજરાતના સંતોમાં આ સંપ્રદાયે અનેક તેજસ્વી સંતોની ભેટ આપી છે. નાતજાતના કે ધર્મસંપ્રદાયના કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આ સંતોએ ગામડે ગામડે ફરીને લોકશિક્ષણ અને જાગૃતિ જગાડવાનું કાર્ય સદીઓ સુધી કર્યું છે. આ સંપ્રદાયનાં સંતોએ તેમની લોકસેવાથી સમગ્ર દેશમાં સુવાસ ફેલાવી છે પરંતુ સાથે સાથે આ સંતોએ અઢળક વાણીસર્જન કર્યું છે તે ગુજરાતના સંતસાહિત્યનું મોટું સુવર્ણ પ્રકરણ છે.

આપણા મર્મી સાધક અને કવિ શ્રી મકરંદ દવે એક જગ્યાએ લખે છે કે જો વિશ્વભરના સંતોની પરિષદ યોજવામાં આવે અને તેમાંથી ગુજરાતમાંથી કોઈ સંતની પ્રતિનિધિ તરીકે વરણી કરવામાં આવે તો તેમાં રવિસાહેબનું નામ પ્રથમ ક્રમે આવે. નાદ અને બુંદ એમ બે પરંપરા દ્વારા આ સંપ્રદાયની ભક્તિધારા વહેતી રહી છે. આ સંતો એ રઘુવંશી લોહાણા સમાજને મળેલી ઉત્તમ ભેટ છે અને આજથી ૨૫૦ વર્ષ પૂર્વે આ સંપ્રદાય દ્વારા આધ્યાત્મિક ક્રાંતિની ઓળખ પ્રસ્થાપિત થઈ. બુંદ પરંપરામાં ખીમસાહેબ, ગંગસાહેબ તથા મલુકદાસજી અને નાદ પરંપરામાં રવિસાહેબ, મોરારસાહેબ અને લાલસાહેબ જેવા નામો વિશ્વવિખ્યાત થયા. ૨૫૦ વર્ષ પહેલાં લોહાણા સંત ભાણસાહેબના પુત્ર ખીમસાહેબે ચિત્રોડના અંત્યજ શ્રી ત્રિકમસાહેબને શિષ્ય તરીકે સ્વીકાર્યા છે એ સામાજિક ક્રાંતિનું અપૂર્વ પગલું આ સંપ્રદાય થકી મંડાયું છે અને તે પરંપરામાં ત્રિકમસાહેબ, ભીમસાહેબ, દાસીજીવણ જેવા વાડીના સંતોની તેજસ્વી શ્રેણી થકી ગુજરાતના સમાજજીવન અને સાહિત્યજીવનમાં મોટી પ્રગતિ આવી છે.

રવિભાણ સંપ્રદાયના સંતોએ સર્જેલી વાણી આજે ગુજરાતના સંત સાહિત્યમાં મોટા આદર સાથે સ્થાન પામેલી છે અને તેના સંતો અંગે પી.એચ.ડી કક્ષા સુધીના અભ્યાસો થયા છે. આટલા ઉચ્ચકોટીના સંત શ્રી ભાણસાહેબે પોતાના જીવન દરમિયાન જન્મસ્થાન ખેડા જિલ્લાના (મૂળ વારાહીના) મહીકાંઠાના કિંખલોડ ગામે જન્મ થયેલો.

પૂ. ભાણસાહેબ અવતારી પુરુષ જેવા રહ્યા અને આત્મજ્ઞાન અને રામનામની લહેર ઉત્તરોત્તર વધારે પ્રગટ થતા સમગ્ર ગુજરાતમાં તેમણે પરિભ્રમણ કરેલ અને પોતાના જીવનના અંતિમચરણના કેન્દ્ર તરીકે જેમણે કમીજલા ગામપર પોતાની પસંદગી ઉતારી અને કમીજલાને એક તીર્થની કક્ષામાં ગૌરવવંતુ સ્થાન મળ્યું છે. પૂ.ભાણસાહેબની ચેતન સમાધિને અંદાજે ૨૫૦ વર્ષ જેટલો સમય થયો છે આજે વિશ્વવંદનીય સંતશ્રી મોરારીબાપુએ પણ આ તીર્થસ્થાનમાં ચેતન સમાધિને રામકથા સંભળાવવા પોતે અનુરાગ કર્યો છે અને અનેકોનેક જનજનના હૃદય સુધી આ સ્પંદનની અનુભૂતિ કરાવવાના નમ્ર અને સરાહનીય પ્રયાસને પણ કોટી કોટી વંદન...

દલપત પઢિયાર, ગાંધીનગર

# શ્રી લોહાણા મહાપરિષદ

## એક ઝલક...

પરિવર્તનશીલ જગતમાં બધે જ વારાઢાળા સ્વાભાવિકપણે જ આવતા હોય છે. જમાનો બદલાયો તેમ તેમ આવા સંગઠનોનાં સ્વરૂપો અને પ્રભાવમાં પણ ફેરફાર વર્તાયા તેમ છતાં સંગઠિત રીતે રહેવાની ભાવનાઓ આજદિન સુધી યથાવત રહી છે. ગામ કે શહેર કક્ષાએ આ સંગઠનની ભાવનાને વિસ્તારવાના પ્રયાસો થયા. મૂળ વતન છોડીને મુંબઈ, કરાંચી, કલકત્તા, બર્મા કે આફ્રિકા વ્યવસાય અર્થે વસવાટ કરવા સ્થળાંતર કરી રહેલા જ્ઞાતિજનો જ્યાં વસ્યા ત્યાં પણ પરંપરાગત મહાજનો સ્થપાતા રહ્યા. મુંબઈ અને કરાંચીમાં સવાસો – દોઢસો વર્ષ પૂર્વે સ્થપાયેલા મહાજનો આજે પણ વિદ્યમાન છે.

જુદા જુદા વિભાગોમાંથી મહાનગરોમાં આવીને વસીને વ્યવસાયિક ક્ષેત્રે આગળ આવેલા જ્ઞાતિ અગ્રેસરો જ્ઞાતિ વિકાસ માટેનાં પ્રયત્નો કરતા થયા અને તેમાંથી સમસ્ત જ્ઞાતિની પરિષદ યોજવાનાં વિચારોને આકાર મળ્યો. એકતાના પુરસ્કર્તામાં જેમનું નામ આદરપૂર્વક મૂકવું પડે તેવા પૂ. કાનજીભાઈ ઓધવજીભાઈ હિંડોચા (પૂ. હિંડોચાબાપા) એ સમાજની 'એકતા'નું સ્વપ્ન સેવ્યું. ઇ.સ. ૧૯૦૪માં પૂ. હિંડોચાબાપા ઉઘાડા પગે ગામે ગામ ફર્યાને ઇ.સ. ૧૯૧૦માં પહેલીવાર રઘુવંશી લોહાણા સમાજને એક મંચ ઉપર એકઠો કર્યો ને ત્યાં 'શ્રી લોહાણા પરિષદ' નામની સંસ્થાનો જન્મ થયો. સમસ્ત જ્ઞાતિની પરિષદ મુંબઈમાં સને ૧૯૧૦માં ભરાઈ.

આ પરિષદમાં સંગઠનની ભાવના તેમજ જ્ઞાતિનાં શૈક્ષણિક સ્તરને પ્રગતિશીલ બનાવવાના વિચારો સર્વમાન્ય રીતે સ્વીકૃતિ પામ્યા. બાદ જાગૃતિનો જે પ્રચંડ જુવાળ ઉદ્‌ભવ્યો તેનાં વડે ૧૯૧૦ પછી બીજી ૪ પરિષદોનું આયોજન સાકાર થઈ શક્યું. ૧૯૧૨માં રાજકોટ, ૧૯૧૪માં કરાંચી, ૧૯૧૬માં ભાવનગર અને ૧૯૧૯ માં માંડવી (કચ્છ) ખાતે પરિષદોનાં આયોજનો થયા. આ પરિષદોની ફળશ્રુતિ સ્વરૂપે જ જ્ઞાતિમાં શૈક્ષણિક વિકાસનાં યુગનો આરંભ થયો. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત તેમજ મુંબઈમાં પણ પચાસેક જેટલા બાળાશ્રમો અને બાલિકાશ્રમો સ્થપાયા.

આટલી બધી જાગૃતિ અને જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા અસંખ્ય કાર્યકરોની ઇચ્છા છતાં દુન્યવી કારણોસર, બબ્બે વિશ્વયુદ્ધ, સ્વાતંત્ર્ય સંગ્રામની લડત અને દેશનાં ભાગલાનો પ્રસંગ વગેરે કારણોસર સને ૧૯૧૯ પછી સંગઠન ક્ષેત્રે વધુ કોઈ પ્રયાસો કરવાનો અવકાશ રહ્યો નહીં. ઉત્સાહમાં ઓટ આવી, સમર્થ નેતૃત્વ મળ્યું નહીં. જો કે ભીતર તો એકતા અને સંગઠનની ચીનગારી પ્રદીપ્ત જ હતી. જે પ્રવૃત્તિઓ શરૂ થઈ ચૂકી હતી અને સંસ્થાઓ સ્થપાયેલી હતી એ ચાલતી રહી અને ટકી રહી.

૧૯મી સદીનાં પાંચમા દાયકાના અંતે ફરી એકવાર સંગઠન માટેનાં પ્રયત્નો અને જાગૃતિ માટેનો સળવળાટ શરૂ થયો. ક્ષાત્રધર્મ છોડીને વૈશ્યવૃત્તિ અપનાવી ચૂકેલા આપણા સમાજમાં અનેક બૌદ્ધિકો હતો. એકતાની જરૂરીયાત અંગેનાં વિચારો અને મનોમંથન પણ ચાલતા હતા. ગામે ગામ સમાજનાં મહાજનોએ પોતાનાં નાનકડાં સીમિત દાયરામાં પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. જ્ઞાતિ પ્રત્યેની ફરજ અને પ્રેમના દીવાની જ્યોત પ્રગટાવવાનાં સંનિષ્ઠ પ્રયાસોની આગેવાની પૂ. છગનલાલ કરમશી પારેખ (પૂ. છગનબાપા) એ લીધી. આ જ્ઞાતિ ધુરંધર અને મહર્ષિ સ્વરૂપ કર્મયોગીનાં પ્રયાસોથી ફરીથી દેશ–વિદેશનાં જ્ઞાતિ અગ્રણીઓ અને મહાજન શ્રેષ્ઠીઓ એકત્ર થયાં અને તેના ફળ સ્વરૂપે 'શ્રી લોહાણા મહાપરિષદ'નામની સંસ્થાનાં બીજ રોપાયાં. વિશ્વભરના રઘુવંશી લોહાણાઓની આ માતૃસંસ્થા આજે કબીરવડ સરખી વિકસીને વૈશ્વિક કક્ષાએ જ્ઞાતિબંધુઓને એકસૂત્રે સાંકળી રહી છે.


સને ૧૯૫૨માં 'શ્રી લોહાણા મહાપરિષદ'નું પ્રથમ ઐતિહાસિક અધિવેશન મુંબઈમાં ભરાયું. આ અધિવેશનનાં કર્ણધારો અધિવેશનનાં પ્રમુખ રાજરત્ન શેઠ શ્રી નાનજી કાલીદાસ મહેતા, સ્વાગત પ્રમુખ શ્રી હંસરાજ જીવણદાસ મીરાણી તેમજ બીજા અનેક જ્ઞાતિરત્નોની પ્રેરણા અને અથાગ પરિશ્રમ વડે આ પ્રથમ અધિવેશનને કલ્પનાતીત સફળતા મળી. ૧૯૫૨નાં એ અધિવેશન વેળાનાં જ્ઞાતિ પ્રેમનાં દર્શનનાં દૃશ્યો જેમણે જોયાં હશે તેને તેઓ કદી પણ વિસારી શકશે નહીં. અધિવેશનના પ્રમુખની પનોતી પુત્રી વિદુષી સવિતાદીદીની સંવેદનાનાં તાર ઝણઝણાવતી ભાવાત્મક હાકલના પ્રતિસાદરૂપે રઘુવંશની અસ્મિતાનું જાણે પ્રાગટ્ય થયું હોય તેમ દાનની ઝોળી છલકાવી દેવા પુરુષ તેમજ મહિલા દાતાઓની કતારો લાગી હતી અને કેટલીક બહેનોએ તો પોતાનાં આભૂષણો ઉતારીને ઝોળીમાં ઠાલવી દીધા હતા. આ ઐતિહાસિક ક્ષણોની નોંધ એ વખતનાં વર્તમાન પત્રોએ સમાચાર અને અગ્ર લેખમાં લેતા જણાવેલું કે દાન લેનારાઓની કતારો તો ઠેર ઠેર જોવા મળે છે; પરંતુ દાન દેનારાઓની આવડી લાંબી કતારો તો ફક્ત લોહાણા જ્ઞાતિમાં જ જોવા મળી છે.

ત્યારબાદ દ્વિતીય અધિવેશન તા. ૪/૫/૬ મે ૧૯૫૬ના રોજ રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ પર આયોજીત કરવામાં આવેલ જેમાં અધિવેશન પ્રમુખ તરીકે શેઠ શ્રી ખટાઉ માવજી શેઠીયા અને સ્વાગત પ્રમુખનું સ્થાન શેઠ શ્રી દયાળજી નારણજી ગણાત્રાએ શોભાવેલ. તૃતીય અધિવેશન તા. ૨૮/૨૯ ડિસેમ્બર ૧૯૭૪ એટલે કે ૧૮ વર્ષના લાંબાગાળા બાદ ફરી એકવાર મુંબઈમાં માતૃશ્રી કાનબાઈ, લાલબાઈ અને મોતીબાઈ બાલિકાગૃહ ખાતે આયોજાયેલ જેમાં અધિવેશન પ્રમુખ તરીકેનો લાભ શેઠશ્રી જમનાદાસ ગોકળદાસ દત્તાણીને તથા સ્વાગત પ્રમુખ તરીકેનો લાભ નામદાર ન્યાયમૂર્તિ શ્રી ગોરધનદાસ આણંદજી ઠક્કરને પ્રાપ્ત થયેલ.


તા. ૩૦/૩૧ ડિસેમ્બર ૧૯૭૭ અને તા. ૧-૧-૧૯૭૮ એમત્રણ દિવસીય ચતુર્થ અધિવેસન રા'લખપતજી છતરડી પાસે ભૂજ ખાતે યોજાયેલ. જેના અધિવેશન પ્રમુખ શેઠ શ્રી હંસરાજ જીવણદાસ મીરાણી અને સ્વાગત પ્રમુખ ડૉ. શાંતિલાલ કરમશી સોમૈયા હતા. ફરી એકવાર બાર વર્ષનાં લાંબા વિરામ બાદ પંચમ અધિવેશન તા. ૨૩/૨૪/૨૫ ડિસેમ્બર ૧૯૮૯ના રોજ કલકત્તાના સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે માતૃસંસ્થાનાં પ્રમુખ શેઠ શ્રી હરિલાલ ભગવાનજી ડ્રેસવાલા તેમજ સ્વાગત પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીના વડપણ હેઠળ યોજાયું.

ત્યારબાદ શ્રી જયંતીભાઈ કુંડલીયાએ શ્રી લોહાણા મહાપરિષદનું સુકાન સંભાળ્યું અને ગુજરાતમાં શ્રી લોહાણા મહાપરિષદ વિદ્યમાન બની. વર્ષ ૨૦૧૦ થી શ્રી યોગેશભાઈ લાખાણી એ મહાપરિષદના ૧૨ મા પ્રમુખ બન્યા અને તેમના પ્રમુખપદ દરમ્યાન તા. ૪-૫-૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સેટેલાઈટ અમદાવાદ ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજના યજમાનપદે ષષ્ઠમ્ વૈશ્વિક રઘુવંશી મહાઅધિવેશન યોજાયું. આ અધિવેશનની વ્યવસ્થા અને આયોજને સમગ્ર જ્ઞાતિ ઉપર એક આગવી છાપ છોડી. એટલું જ નહીં, ઇતિહાસમાં પ્રથમ વખત વિદેશની ધરતી ઉપર લંડનના લેસ્ટરશાયર શહેરમાં તા. ૨૩, ૨૫ અને ૨૫ એપ્રિલ, ૨૦૧૫ના રોજ એલ.સી. યુ.કે.(લોહાણા કોમ્યુનીટી ઓફ યુનાઈટેડ કિંગ્ડમ) ના યજમાનપદે ગ્લોબલ લોહાણા કન્વેન્શન યોજાયું જેમાં અનેક દેશના લોહાણા અગ્રણીઓએ ચર્ચા-પરિસંવાદ કર્યા. આ ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં જ્ઞાતિજનોમાં અનેરી જાગૃતિ આવી છે. અને આરોગ્ય અને શિક્ષણ સહાય, થેલેસેમિયા નાબૂદી અભિયાન, શ્રી રઘુકુળ વિશ્વ પ્રચાર-પ્રસાર, રાષ્ટ્રીય રમત-ગમત સ્પર્ધાઓ, વિવિધ ક્ષેત્રે રઘુવંશની ગરિમાને બિરદાવવા માટે આંતરરાષ્ટ્રીય એવોર્ડની સ્થાપના ઉપરાંત અનેક સેવાકીય અને રચનાત્મક પ્રકલ્પો સાકાર થઈ રહ્યા છે. વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈના નેતૃત્વ નીચે સંગઠનને વિશેષ બળ મળ્યું છે, અનેક નવી પ્રવૃત્તિઓ આકાર લઈ રહી છે અને બીજી યોજનાઓ વેગવાન બની છે.


# શ્રી લોહાણા મહાપરિષદ-સૂત્રધારો




સ્વ.શ્રી નાનજીભાઈ કાલીદાસ મહેતા
(૧૯૫૨-૧૯૫૬)



સ્વ.શ્રી ખટાઉભાઈ માવજી શેઠીયા
(૧૯૫૬-૧૯૭૦)




સ્વ. શ્રી દેવકરણ નૈણશી તન્ના
(૧૯૭૦-૧૯૭૨)



સ્વ. શ્રી રવજીભાઈ ખીમજીભાઈ ગણાત્રા
(૧૯૭૨-૧૯૭૪)




સ્વ. શ્રી જમનાદાસ ગોકળદાસ દત્તાણી
(૧૯૭૪-૧૯૭૭)




સ્વ. શ્રી હંસરાજ જીવણદાસ મીરાણી
(૧૯૭૭-૧૯૮૩)




સ્વ. શ્રી મથુરદાસ નારણદાસ મજેઠીયા
(૧૯૮૩-૧૯૮૯ અને ૧૯૯૭-૧૯૯૯)




સ્વ. શ્રી હરિલાલ ભગવાનજી ડ્રેસવાલા
(૧૯૮૯-૧૯૯૩)




સ્વ. શ્રી ચંદ્રસિંહ હંસરાજ મીરાણી
(૧૯૯૩-૧૯૯૭)



શ્રી રવિન્દ્રભાઈ રમણીકભાઈ વાઘાણી
(૧૯૯૯-૨૦૦૫)



સ્વ. શ્રી જયંતીભાઈ ગોવિંદજી કુંડલીયા
(૨૦૦૫-૨૦૧૦)



શ્રી યોગેશભાઈ શશીકાંતભાઈ લાખાણી
(૨૦૧૦-૨૦૧૫)



શ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટક
નવનિયુક્ત (૨૦૧૫ થી)




# શ્રી લોહાણા મહાપ

યોગેશ એસ. લાખાણી (ગવર્નર)
પરેશ પી. ભૂપતાણી (વાઈસ ગવર્નર)

ઉમંગ

## ખજાનચીશ્રીઓ

હિંમતભાઈ કોટક - અમદાવાદ
નીતીનભાઈ પાંધી - મુંબઈ

## ટ્રસ્ટીશ્રીઓ

પ્રવિણ ટી. કોટક - અમદાવાદ
યોગેશ એસ. લાખાણી - અમદાવાદ
પરેશ પી. ભૂપતાણી - અમદાવાદ
રવિન્દ્ર આર. વાઘાણી - કોલકાતા
મોહનભાઈ ટી. ઠક્કર - મુંબઈ
મીતાબેન એમ. મસરાણી - મુંબઈ
વીણાબેન એમ. પાંધી - રાજકોટ
ડૉ.હર્ષદભાઈ પી. ખખ્ખર - રાજકોટ
મણીલાલ એન. કાથરાણી - ભુવનેશ્વર

## વરિષ્ઠ હોદ્દે

મહેન્દ્રભાઈ ઘેલાણી - મુંબઈ (અધ્યક્ષ
નીતીન રાયચુરા - રાજકોટ (રાષ્ટ્રીય ઉ
ડૉ. નીમાબેન આચાર્ય - ગાંધીધામ (રા
અજય વડેરા - ગોંદીયા (રાષ્ટ્રીય યુવા
ભરત કોટક - અમદાવાદ (ચેરમેન સ્થ
પોપટલાલ અખાણી - ભાભર (ચેરમેન
નરેન્દ્ર દાવડા - નાગપુર (રાષ્ટ્રીય સંક
દિવ્યેશ રાજદેવ - રાજકોટ - (પ્રોજેક્ટ
વિપુલ પૂજારા - અમદાવાદ (વિશેષ ફ
નરેશ ઠક્કર - બહુચરાજી (રાષ્ટ્રીય યુવ
યમેશ ઠકરાર - અમદાવાદ (આંતરરાષ
હીરાલાલ રાજા - કોલકાતા (રાષ્ટ્રીય પ
રાજીવ રવાણી - અમદાવાદ (આર્થિક
નેણશીભાઈ મિરાણી - મુંબઈ (સલાહ

## સંયુક્ત મંત્રી / સહમંત્રીશ્રીઓ

જીતેન્દ્ર કારીયા - અમદાવાદ
અંજન કોટક - અમદાવાદ
હરીશ ઠક્કર - અમદાવાદ
હર્ષદરાય ઠક્કર - અમદાવાદ
કાશ્મીરા નથવાણી - રાજકોટ
મિત્તલ ખેતાણી - રાજકોટ
રઘુવીર ગઢીયા - અમદાવાદ
ભરત માવાણી - અમદાવાદ
ભવાન કોટક - અમદાવાદ
ભાવેશ મિરાણી - મુંબઈ
નિમેષ માણેક - અમદાવાદ
સોનલ અનડકટ - અમદાવાદ
સંજય ઠક્કર - અમદાવાદ
યોગેશભાઈ પુજારા - સંકલન (રાજકોટ)

## શ્રી રઘુકુળ વિશ્વ

તરુણ દત્તાણી (તંત્રી) - અમદાવાદ

### કોર્ડિનેટરશ્રીઓ

શંકર કતીરા - ડીસા
અશોક હિંડોચા - રાજકોટ
રાજેશ પલણ - નખત્રાણા
સંજય પાઉ - રાયપુર
મુકેશ કોટક - મુંબઈ
મુકેશ ઠક્કર - કટક

### માર્ગદર્શક

ધીરૂભાઈ મિરાણી - મુંબઈ
કનુભાઈ આચાર્ય - ડીસા
હિંમતભાઈ સોમૈયા - મુંબઈ
ગીરીશભાઈ ડ્રેસવાલા - મુંબઈ
રમેશચંદ્ર ઠક્કર - ગાંધીનગર

# પરિષદ - વર્તમાન સૂત્રધારો

પ્રવિણ ટી. કોટક (પ્રમુખ)
ઉમંગ એચ. ઠક્કર (વરિષ્ઠ ઉપપ્રમુખ)

હિમાંશુ બી. ઠક્કર (મંત્રી)
પિયુષ જી. ગંઠા (મંત્રી)

## હોદ્દેદારો

ધ્યક્ષ સલાહકાર સમિતિ)
ટ્રીય ઉપાધ્યક્ષ સંગઠન)
મ (રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ)
યુવા અધ્યક્ષ)
ન સ્થાયી સમિતિઓ)
ચેરમેન વિદ્યાસંકુલ)
ય સંકલક - શ્રી રઘુકુળ વિશ્વ)
જેક્ટ ચેરમેન)
શેષ ફરજો)
ીય યુવા સંકલક)
તરરાષ્ટ્રીય પી.આર.ઓ.)
ટ્રીય પી.આર.ઓ.)
ાર્થિક સલાહકાર)
સલાહકાર - સંકલન)

## વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ

ધનવાન કોટક - સુરત
સુરેશ ચંદારાણા - રાજકોટ
કે. સી. ઠક્કર - ગાંધીધામ
ભરત ઠક્કર - નાગપુર
જીતેન્દ્ર ઠક્કર - નાસિક
વિનોદ ઠક્કર - કોલકાતા

## મહિલા અધ્યક્ષાઓ

જયાબેન ઠક્કર - વડોદરા
દક્ષાબેન સુચક - ભાવનગર
સુશીલાબેન ઠક્કર - ભૂજ
શીલાબેન પોપટ - અમરાવતી
રશ્મિબેન વિઠલાણી - મુંબઈ
ભારતીબેન ઠક્કર - કોલકાતા
વિભાબેન ઠક્કર - દિલ્હી

## જનસંપર્ક અધિકારી (પી.આર.ઓ.)

વિનોદ ગોકલાણી - રાધનપુર
જીતુભાઈ લાલ - જામનગર
સુરેશ ઠક્કર - નખત્રાણા
ચંદ્રકાન્ત પોપટ - અમરાવતી
ડૉ. સુરેશ પોપટ - મુંબઈ
કિશોર દત્તાણી - કોલકાતા

## પ્રભારીશ્રીઓ

ભગવાનદાસ ઠક્કર (બંધુ) - ડીસા
ગિરીશ કોટેચા - જુનાગઢ
નરેન્દ્ર ઠક્કર - ભુજ
કિશન મિરાણી - રાયપુર
ભરત દનાણી - મુંબઈ
હેમંત કાથરાણી - કોલકાતા

## યુવા અધ્યક્ષશ્રીઓ

ધવલ આચાર્ય - અમદાવાદ
સુમિત ઠક્કર - ભાવનગર
અતુલ મજીઠીયા - આદિપુર
નિલેશ ગઢીયા - રાયપુર
નિખિલ સુબા - મુંબઈ
ઋષિ ઓંધિયા - કોલકાતા

## વિભાગીય મંત્રીશ્રીઓ

શૈલેષ સોનપાલ - સુરત
શૈલેષ ગણાત્રા - રાજકોટ
મુકેશ પુજારા - રાપર
કમલેશ વસાણી - નાગપુર
શંભુભાઈ હરીયાણી - મુંબઈ
જનક કારીયા - કોલકાતા

## વિશ્વ

દાવાદ

## ીઓ

ક

ઈ

## સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ

| | |
|---|---|
| (શિક્ષણ સમિતિ) | - ધર્મેશ હરીયાણી, અમદાવાદ |
| (આરોગ્ય સમિતિ) | - ડૉ. નંદલાલ માનસતા, અમદાવાદ<br>ડૉ. પ્રવિણ દૈયા, મુંબઈ |
| (વાત્સલ્ય સમિતિ) | - અશોક ગઢિયા, અમદાવાદ<br>જીતુભાઈ પુજારા, અમદાવાદ |
| (રોજગાર સમિતિ) | - જયેન્દ્રભાઈ તન્ના, અમદાવાદ |
| (ગૃહનિર્માણ સમિતિ) | - નારણદાસ ભાયાણી, રાજકોટ |
| (રમતગમત સમિતિ) | - પિયુષ મજીઠીયા, પોરબંદર |
| (સમાધાન સમિતિ) | - ઠાકોરભાઈ ઠક્કર, વડોદરા |
| (પ્રોફેશનલ સમિતિ) | - પંકજ કોટક, ગાંધીનગર<br>શિલ્પાંગ કારીયા, અમદાવાદ |
| (થેલેસેમિયા સમિતિ) | - ડૉ. રમેશભાઈ ભાયાણી, રાજકોટ<br>ભરતભાઈ ઉનડકટ, અમદાવાદ |
| (લગ્નવિષયક સમિતિ) | - હસમુખ દાવડા, હૈદરાબાદ |
| (કેળવણી સમિતિ) | - મહેશ મુલાણી, રાધનપુર<br>- ચંદ્રકાન્ત તન્ના, વી.વી.નગર |
| (યાત્રા-પ્રવાસન સમિતિ) | - નીતીન ઠક્કર, અમદાવાદ |
| (છાત્રાલય સમિતિ) | - હસમુખ કારીયા,વી.વી.નગર<br>વિનોદ ઠક્કર, અમદાવાદ |
| (પર્યાવરણ સમિતિ) | - કિરીટ ભીમાણી, અમદાવાદ |
| (સામાજિક સુરક્ષા સમિતિ) | - મુકેશ ઠક્કર, અમદાવાદ<br>- નટુભાઈ આચાર્ય, ડીસા |
| (કૌશલ્ય વિકાસ સમિતિ) | - જીજ્ઞેશ ભજીયાવાલા, સુરત |

# શ્રી લોહાણા મહાપરિષદ વર્તમાન



નવનિર્મિત મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન વેળાએ...

તા. ૫ જુલાઈ, ૨૦૧૫ ના રોજ યુનિવર્સિટી કન્વેન્શન હોલ, અમદાવાદ ખાતે યોજાયેલ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના અભિવાદન સમારોહમાં દેશ-વિદેશથી ખૂબ મોટી સંખ્યામાં જ્ઞાતિજનો આ સોનેરી ક્ષણના સહભાગી બન્યા. આ દિવસે વીરપુરથી પૂજ્ય રઘુરામબાપા, પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામી તેમજ પૂજ્ય જાનકીદાસબાપુના આશીર્વચન સાથે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે વરિષ્ઠ ઉપપ્રમુખ તરીકે શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર, મંત્રી તરીકે શ્રી હિમાંશુ ભાઈલાલ ઠક્કર તેમજ ખજાનચી તરીકે શ્રી હિંમતલાલ ખીમજીભાઈ કોટક, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સંકલન તરીકે શ્રી નીતીનભાઈ ઠક્કર તથા આર્થિક સલાહકાર તરીકે શ્રી રાજીવભાઈ રવાણીની નિમણૂંક પ્રથમ તબક્કે જાહેર કરી.

આ દિવસે શ્રી લોહાણા મહાપરિષદની ઐતિહાસિક ગાથાને ફિલ્માંકિત કરી ૧૫ મિનિટની વિડિયો ફિલ્મ પણ શ્રી પ્રવિણભાઈ કોટકે પ્રમુખ થયાના પ્રથમ દિવસે જ વિમોચિત કરી જેને હાજર સર્વે જ્ઞાતિજનોએ નિહાળી અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી આ ઉપરાંત, અગાઉ કોર્ટમાં ચાલી રહેલા તમામ કેસોને બિનશરતી પાછા ખેંચી લેવાની જાહેરાત કરતા સંઘઠનને વિશેષ બળ મળ્યું અને સમાજમાં પણ એક અનેરી લાગણીનો સંચાર થયો. આ શુભ દિવસે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ચાલતી શૈક્ષણિક સહાયની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા કચ્છના શ્રેષ્ઠી શ્રી કે. સી. ઠક્કર દ્વારા રૂા. ૧ કરોડની શિક્ષણ નિધિ ઉચ્ચ શિક્ષણ માટે જાહેર કરવામાં આવી. તા. ૫ જુલાઈ, ૨૦૧૫ ના રોજ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે શ્રી લોહાણા મહાપરિષદના સુવ્યવસ્થિત સંચાલન માટે ઇસ્કોન મેગા મોલના બેઝમેન્ટ ખાતે શ્રી લોહાણા મહાપરિષદનું કાર્યાલય ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારોના હસ્તે વિધિવત રીતે ખુલ્લું મૂક્યું.

શ્રી લોહાણા મહાપરિષદના સેવાકાર્યો અને ગતિવિધિઓને વેગવાન બનાવવા અને પ્રવૃત્તિઓને વ્યાપક બનાવવાના શુભ આશયથી તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૫ ના રોજ શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ, સુરતના યજમાનપદે સુરત મુકામે મળેલ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની પ્રથમ કારોબારી સભામાં દેશભરમાંથી વિવિધ હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી. શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી શૈલેષભાઈ સોનપાલ તથા તેમની સમગ્ર ટીમ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદની પ્રથમ કારોબારી મીટીંગને જાજરમાન બનાવવામાં આવેલી. બે દિવસીય આ કાર્યક્રમમાં પ્રથમ દિવસે વિગતવાર એજન્ડા તેમજ નિમણૂકો કરવામાં આવી અને બીજા દિવસે નિમણૂંક પામેલા તમામ હોદ્દેદારોના અભિવાદનનો સુંદર કાર્યક્રમ યોજાયો.

ત્યારબાદ ગત ચાર માસમાં તબક્કાવાર વિવિધ મિટિંગો તથા તેની ફળશ્રુતિરૂપે નવનિયુક્ત સમગ્ર ટીમ નૂતન સેવાકાર્યો માટે કટિબધ્ધ બની છે અને દરેક હોદ્દેદારશ્રીઓ દ્વારા સુંદર કાર્યો આકાર લઈ રહ્યા છે. **The Journey continues...**







# શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોનો પરિસંવાદ
## તા. ૧૧-૧૨-૧૩ જાન્યુઆરી, ૨૦૧૬ નાશિક

શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૦ અને ૧૧ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ સુરત મુકામે યોજાયેલી પ્રથમ કારોબારી મીટીંગમાં નિમણૂંક પામેલ તમામ હોદ્દેદારોની ગત બે માસમાં યોજાયેલ તબક્કાવાર મીટીંગ બાદ તા. ૧૧, ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ નાશિક મુકામે સમગ્ર ટીમ સાથેનો પરિસંવાદ નાશિક લોહાણા મહાજન, ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ અને મા ઝવેરબાઈ આરોગ્ય ભુવનના સંયુક્ત યજમાન પદે યોજાયો.



તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તથા પધારેલા તમામ હોદ્દેદારો સાથે મા ગોદાવરીના પૂજનનો લાભ લઈ સૌએ ધન્યતા અનુભવી. બપોરે ૧.૦૦ કલાકે પધારેલા હોદ્દેદારોએ નાશિક શહેરના અગ્રણીઓ સાથે ઔપચારિક મીટીંગ યોજી અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ સૌએ એકબીજા સાથે પોતાના પરિસંવાદ શરૂ રાખ્યા હતા. સાંજે સૌ હોદ્દેદારો તથા નાશિક શહેરના શ્રેષ્ઠીઓ સાથે સોમવારે ત્ર્યંબકેશ્વર મહાદેવના દર્શનનો લાભ લીધો. તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ ને મંગળવારના રોજ નિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે સવારે ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન દ્વારા મીટીંગની શરૂઆત કરવામાં આવી. યજમાન સંસ્થા વતી શ્રી દિગ્વિજયભાઈ કાપડીયાએ પધારેલા સૌ હોદ્દેદારોનું શાબ્દિક સન્માન કર્યું.



ત્યારબાદ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે પણ માતૃસંસ્થા વતી પધારેલા સૌ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો તથા વિશિષ્ટ આમંત્રિત સભ્યોનું સ્વાગત કરી શ્રી લોહાણા મહાપરિષદની ગતિવિધિઓથી સૌને માહિતગાર કર્યા. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે તથા શ્રી પિયુષભાઈ ગંઠાએ માતૃસંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ, આગામી લક્ષ્યાંકો તથા આયોજનો અંગે વિગતે સૌને માહિતી આપી. ત્યારબાદ તમામ વિભાગના ઉપપ્રમુખશ્રીઓએ પણ પોતપોતાના વિસ્તારની ગતિવિધિઓથી સૌને માહિતગાર કર્યા.

શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી સુરેશભાઈ ચંદારાણા, શ્રી કે. સી. ઠક્કર, શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી ભરતભાઈ ઠક્કર તથા શ્રી ભરતભાઈ દનાણીએ પોતપોતાના વિભાગની રજૂઆતો કરી હતી. આ ઉપરાંત પ્રથમ સત્રના મુખ્ય એજન્ડા શિક્ષણ, રોજગાર અને કૌશલ્ય વિકાસ અંગે અનેકવિધ પ્રવૃત્તિઓથી માતૃસંસ્થાને સમૃદ્ધ બનાવવા માટે તમામ સંલગ્ન હોદ્દેદારોએ પોતપોતાની રજૂઆતો કરી અને કામ કરવાનો ઉત્સાહ બતાવી સૌને પ્રભાવિત કર્યા હતા. બપોરે લગભગ ૨.૦૦ કલાકે ભોજન બાદ ૩.૩૦ કલાકે દ્વિતીય સત્રની શરૂઆત થઈ જેમાં મુખ્ય એજન્ડામાં આરોગ્ય અને થેલેસેમિયા પર ચર્ચા કરવામાં આવી જેમાં દેશભરના વિવિધ શહેરોમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે રહેવાની સગવડ, બ્લડ સેવા પ્રોજેક્ટ, અંબાજી હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે રજુઆતો કરાઈ હતી. શ્રી લોહાણા મહાપરિષદના ટ્રસ્ટશ્રીઓ તથા શ્રી મોહનભાઈ ઠક્કર તથા શ્રી મણીભાઈ કાથરાણીએ માતૃસંસ્થાની કાર્યપદ્ધતિ અને આ પ્રકારના આયોજનોને બિરદાવી સૌને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી રઘુકુળ વિશ્વના પ્રચાર-પ્રસાર અને ખર્ચને પહોંચી વળવા માટે શ્રી મણીભાઈએ ફૂલપેજની ૨૦ જાહેરાતો ઉત્તર પૂર્વ વિભાગમાંથી આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત શ્રી રઘુકુળ વિશ્વના સેન્ટર પેજમાં રૂા. ૨૫,૦૦૦ ના અનુદાન સાથે એક વર્ષના દરેક અંકોમાં વીઝીટીંગ કાર્ડ સાઈઝની જાહેરાતના ૩૨ શ્રેષ્ઠીઓના સૌજન્ય પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત શ્રી મોહનભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદના પ્રચાર-પ્રસાર તથા આઈટી અંગેના અન્ય ખર્ચને પહોંચી વળવા દર વર્ષે રૂા. ૧,૦૦૦થી લઈ ૧૦,૦૦૦ સુધીના આર્થિક અનુદાનો અંગે જાહેરાત કરવામાં આવી હતી. આ બન્ને ટ્રસ્ટીશ્રીઓના ઉત્સાહને તાળીઓના ગડગડાટથી બિરદાવ્યા હતા.આ ઉપરાંત મુંબઈથી ખાસ પધારેલા શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, મહિલા વિભાગ વતી સુશ્રી નીમાબેન આચાર્ય, પ્રોફેશનલ સમિતિ વતી શ્રી શિલ્પાંગભાઈ કારીયા, રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા, સમાધાન સમિતિના અધ્યક્ષ શ્રી ઠાકોરભાઈ ઠક્કર, સામાજિક સુરક્ષા વતી શ્રી નટુભાઈ આચાર્ય વિગેરેએ પણ સુંદર રજુઆત કરી આ પ્રકારની મીટીંગના આયોજન માટે ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવ્યા હતા. લગભગ સાંજે ૭.૦૦ કલાકે સૌ પ્રથમ યજમાન સંસ્થાએ શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર ટીમ માટે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકનું સન્માન કર્યું ત્યારબાદ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ યજમાન સંસ્થાઓનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું અને શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી બીપીનભાઈ બાટવિયા, શ્રી દિગ્વિજયભાઈ કાપડીયા તથા સમગ્ર ટીમના સુંદર આતિથ્ય બદલ અનેરી લાગણી અનુભવી હતી. નાશિક લોહાણા મહાજનની યુવા ટીમ તથા શ્રી લોહાણા મહાપરિષદના તમામ સંયુક્ત મંત્રી તથા સહમંત્રીઓના સુંદર સંકલનથી બે દિવસની આ યાત્રા યાદગાર અને યશસ્વી બની રહી હતી.

- કેતન પાબારી, ધનેશ બાટવિયા

# પત્રકારો સાથેનો પરિસંવાદ : તા. ૨૩-૧-૨૦૧૬

તા.૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ ને શનિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર સાંજે ૪.૦૦ કલાકે પ્રેસ તથા મિડિયાના મિત્રો અને પોતાનું મુખપત્ર ચલાવતા રઘુવંશી મિત્રોનો શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ હોદ્દેદારો સાથે પરિસંવાદ યોજાયો. અલ્પાહાર તથા રજિસ્ટ્રેશન બાદ સાંજે ૪.૦૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. પધારેલા સૌ પ્રતિનિધિઓએ પોતપોતાનો પરિચય આપ્યો. સંયુક્ત મંત્રી સુશ્રી કાશ્મીરા નથવાણીએ શ્રી લોહાણા મહાપરિષદ વતી પધારેલા સૌ સભ્યોનું શાબ્દિક સ્વાગત કર્યું. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પત્રકાર જગતના મિત્રોને સમૂહમાં આ કાર્યાલય પર પ્રથમ વખત જ મળવાનું થયું હોવાથી આનંદની લાગણી અનુભવી અને ગત છ માસમાં થયેલી પ્રવૃત્તિઓથી સૌને સંક્ષિપ્તમાં માહિતગાર કર્યા. નાગપુરથી શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ પોતાની લાગણીઓ વ્યક્ત કરી. શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી શ્રી તરુણભાઈ દત્તાણીએ સઘન વિષય પર છણાવટ કરી સૌને માર્ગદર્શન આપ્યું ત્યારબાદ તમામ જાગૃત અને સક્રિય સભ્યોએ પોતપોતાની લાગણીઓ વ્યક્ત કરી. વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પણ પત્રકાર જગતને ચોથી જાગીર ગણાવી જવાબદારી અને ફરજ અંગે વિસ્તૃત છણાવટ કરી.





ગવર્નરશ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાની પ્રમુખ તરીકેની ટર્મ દરમિયાન પત્રકાર જગતના મળેલ સહયોગ બદલ આભારની લાગણી વ્યક્ત કરી અને પત્રકારત્વને સરસ, સરળ, સ્વચ્છ, સ્વસ્થ, સત્યનિષ્ઠ જેવા શબ્દોથી વ્યાખ્યાચિત કર્યું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે અત્રે તેમના આમંત્રણને માન આપીને પધારેલા શ્રી દિપકભાઈ રાજાણી તથા શ્રી કૃષ્ણકાન્તભાઈ ઠક્કરનું અભિવાદન કર્યું. શ્રી પ્રવિણભાઈ કોટકે આગામી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ યોજાનારા આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન અંગે સૌને માહિતગાર કર્યા અને શ્રી લોહાણા મહાપરિષદનું આમંત્રણ કાર્ડ વિમોચિત કર્યું. શ્રી પ્રવિણભાઈ કોટકે દેશભરના લોહાણા જ્ઞાતિના પત્રકારોને એક મંચ પર લાવવા મળેલી રજુઆતને તુરંત જ સ્વીકાર કરી એલએમપી પ્રેસ ક્લબની રચનાની જાહેરાત કરી અને ભવિષ્યમાં સૌને આગોતરું આમંત્રણ આપી સુંદર કાર્યક્રમ/ વર્કશોપ ગોઠવવાની પણ જાહેરાત કરી. ભવિષ્યમાં પણ પૂરતો પ્રચાર-પ્રસાર કરી ભારતભરના અખબાર જગતના તમામ મિત્રો સાથે વર્કશોપનું આયોજન કરવા માટે શ્રી શંકરભાઈ કતીરાએ જાહેરાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કરે કર્યું હતું. સાંજે ૭.૦૦ કલાકે ભોજનપ્રસાદ લઈ આનંદની લાગણી સાથે સૌ છૂટા પડ્યા હતા.

-સોનલ અનડકટ

## શ્રી લોહાણા મહાપરિષદ

કાર્યાલય : ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
www.lohanamahaparishad.org
Attendant : Mr. Jay, Ms. Bhakti

- શ્રી રઘુકુળ વિશ્વ : પ્રવિણભાઈ ભગદેવ : ૯૯૦૯૯૯૯૩૦૯
- બ્લડ સેવા, રક્તદાતાની નોંધણી :
  ભક્તિ સોમૈયા : ૯૯૦૯૯૯૯૩૦૮
- મિસ્ડ કોલ : ડેટાબેઝ : ૯૯૦૯૯૦૦૧૨૩
- આરોગ્ય અને શિક્ષણ સહાય :
  જીતેન્દ્રભાઈ કારીયા : ૯૭૨૨૯૦૦૯૦૦
  શશીકાંતભાઈ કાનાણી : ૯૮૨૫૪૨૩૫૫૦
- થેલેસેમિયા કેમ્પ રજીસ્ટ્રેશન અને ચૂકવણી :
  અલ્પેશભાઈ જોબનપુત્રા : ૯૩૭૫૦૬૩૯૨૦
- જરૂરિયાતમંદ દર્દીઓને ફ્રી રહેવાની સગવડ :
  ભવાનભાઈ કોટક (અમદાવાદ) : ૯૮૨૫૨૩૩૩૨૭
  ડો. સુરેશભાઈ પોપટ (મુંબઈ) : ૯૩૨૦૨૨૪૦૧૯

## સ્થાયી સમિતિઓના પ્રકલ્પો અંગે સંયુક્ત મંત્રીઓ સાથે સંકલન

- સમાધાન સમિતિ :
  હિંમતભાઈ કોટક (ખજાનચી) : ૯૯૨૫૧૧૦૯૨૫
- શિક્ષણ, કેળવણી તથા કૌશલ્ય વિકાસ સમિતિ :
  હરીશભાઈ ઠક્કર : ૯૮૨૫૦૩૮૩૩૬
- આરોગ્ય, થેલેસેમિયા તથા વાત્સલ્ય સમિતિ :
  મિત્તલભાઈ ખેતાણી : ૯૮૨૪૨૨૧૯૯૯
- યાત્રા પ્રવાસ, રમતગમત તથા પર્યાવરણ સમિતિ :
  હર્ષદરાય ઠક્કર : ૯૮૯૮૪૯૫૬૭૪
- ગૃહ નિર્માણ તથા મહિલા વિભાગ :
  કાશ્મીરાબેન નથવાણી : ૯૮૯૮૨૨૦૧૨૦
- છાત્રાલય તથા સામાજિક સુરક્ષા સમિતિ :
  રઘુવીરભાઈ ગઢીયા : ૮૮૬૬૨૨૦૦૦૦
- લગ્ન વિષયક સમિતિ
  અંજનભાઈ કોટક : ૯૯૨૨૭૬૫૦૨૫૫

હિમાંશુ ઠક્કર / પિયુષ ગંઠા
મંત્રીઓ

# થેલેસેમિયા નાબૂદી અભિયાન

CURE THALASSEMIA



સમગ્ર વિશ્વના ૨૫ લાખથી વધુ રઘુવંશીઓની પ્રતિનિધિત્વ કરતી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાનને વેગવંતુ રાખી, થેલેસેમીયા મેજર બીમારીને સંપૂર્ણપણે જાકારો આપવાના કટિબદ્ધ અભિયાન તેમજ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના સ્વપ્નને સાર્થક કરવાની ચળવળના ભાગરૂપે ૨૦૧૬નું વર્ષ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ''થેલેસેમિયા નાબૂદી વર્ષ'' તરીકે ઉજવવાની જાહેરાત થઈ છે જેના અંતર્ગત શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સૌના સાથ સહકારથી સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ સંસ્થાઓના સથવારે ૨૫,૦૦૦ થેલેસેમિયા ટેસ્ટ કરાશે. ૩૧૦૦ યુનિટ રક્ત વિવિધ કેમ્પો દ્વારા એકત્ર કરાશે, લાખો પત્રિકાઓનું વિતરણ કરાશે. પોસ્ટર લગાડાશે, મેડિકલ ચેકઅપ કેમ્પ કરાશે, બ્લડ ટ્રાન્સફ્યુઝનની કાયમી વ્યવસ્થા અનેક સ્થળે, ગામો ગામ સુલભ બને તેવા પ્રયાસો કરાશે. પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડીયાની સાથે સાથે આ વર્ષથી સોશ્યલ મીડીયાના માધ્યમથી પણ આ મહાભયંકર બીમારી અંગે યુવા પેઢીને જાગૃત કરાશે.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સૌને સગાઈ અને લગ્ન પહેલાં, ગર્ભધારણ પહેલાં થેલેસેમિયા ટેસ્ટ કરાવવાની દર્દભરી અપીલ કરવામાં આવે છે. કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા - પરિક્ષણ કરાવવું ફરજીયાત બનાવે તો રોગ જડમૂળથી નાબૂદ થઈ શકે. શ્રી લોહાણા મહાપરિષદ તમામ મહાજનો / જ્ઞાતિ સંસ્થાઓને પોતપોતાના શહેર - ગામોમાં સતત થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ, રક્તદાન કેમ્પ આયોજન કરતા રહેવાની અપીલ કરે છે. તમામ મહાજન વાડીઓમાં ''જેણે થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હોય તેમણે જ પ્રસંગો માટે વાડી અપાય'' તેવા ઠરાવનું કડક અમલીકરણ કરવાની વિનંતી કરાઈ છે. તે જ રીતે તમામ મેરેજબ્યુરો પણ થેલેસેમીયા ટેસ્ટ કરાવેલ યુવક-યુવતીઓના બાયોડેટા જ સ્વીકારે તો અને તો જ આ રોગ નાબૂદ કરવાની દિશામાં નિર્ણાયક કદમ ઉઠાવી શકાય. જેમ પોલીયો, ટીબી રોગની નાબૂદી કરવામાં સરકારને, સંસ્થાઓને સફળતા મળી તે જ રીતે થેલેસેમિયાની નાબૂદી કરવામાં હજુ વધુ અભિયાન સરકારી તંત્રો, સંગઠનો, સંસ્થાઓ, જ્ઞાતિઓ, મેરેજબ્યુરોના સંચાલકો, સ્કૂલો - કોલેજો - યુનિવર્સિટીઓ ઉપાડે તે સમયની માંગ છે.

થેલેસેમીક બાળકોને મદદરૂપ થવા ઇચ્છતા તેમજ થેલેસેમિયા નાબૂદી ક્ષેત્રે સહકાર આપવા ઇચ્છતા સેવાભાવીઓને તેમજ થેલેસેમિયા અંગે વિશેષ માહિતી માટે **શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), થેલેસેમિયા સમિતિના અધ્યક્ષ ડો. રમેશભાઈ ભાયાણી (મો.૯૪૨૮૧૫૮૯૮૯), ભરતભાઈ ઉનડકટ (મો. ૯૦૯૯૪૨૭૬૨), અલ્પેશભાઈ જોબનપુત્રા (મો. ૯૩૭૫૦૬૩૯૨૦), મુકેશભાઈ ગોવાણી (મો. ૯૪૨૬૩૫૮૨૯૦)નો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.**

તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર સવારે ૧૧.૩૦ કલાકે યોજાયેલ મિટિંગમાં થેલેસેમિયા નાબૂદી અભિયાનને મક્કમ રીતે આગળ વધારવા વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી જેમાં શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી ભરતભાઈ ઉનડકટ, શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રા, શ્રી મુકેશભાઈ ગોવાણી, શ્રી યશ રાજા, ડો. અનિલ ખત્રી,શ્રી મુકુંદભાઈ ઠક્કર, રાજકોટથી શ્રી જીતુલભાઈ કોટેચા, જુનાગઢથી શ્રીમતી પૂજાબેન કારીયા ઉપસ્થિત રહ્યા હતા.

# રક્તદાન મહાદાન LMPBloodSeva

Save a life Give Blood

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,




ભારતભરમાં વસતા જરૂરિયાતમંદ પરિવારોને સરળતાથી રક્ત મળી રહે તેવા શુભ આશયથી શ્રી લોહાણા મહાપરિષદની યુવા સમિતિ દ્વારા **LMPBloodSeva** નામની મોબાઈલ એપ્લીકેશનનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલું છે જેના દ્વારા દરેક વિસ્તારમાં જરૂરિયાત હોય ત્યારે રજિસ્ટર કરી વિગત નાખવાથી તે જ વિસ્તારના રક્તદાતાઓની માહિતી તુરંત જ આપના મોબાઈલ પર પ્રાપ્ય થશે.

આપના વિસ્તારમાંથી રક્તદાતાઓની યાદી તૈયાર કરી શ્રી લોહાણા મહાપરિષદના રક્તદાતાઓની યાદીમાં નામ નોંધાવવા સૌ સભ્યોને પ્રોત્સાહિત કરવા આથી નમ્ર વિનંતી કરવામાં આવે છે. મોબાઈલમાં **LMPBloodSeva** લખવાથી એપ્લિકેશન ડાઉનલોડ કરી શકાય છે અને જાતે જ પોતાનું રક્તદાતાની યાદીમાં રજિસ્ટર કરી શકાય છે અથવા તો આ અંગે ઇમેલ, SMS કે આ ઉદ્દેશ માટે છપાવેલા કાર્ડમાં વિગત ભરીને **હેલ્પલાઈન નંબર ૯૯૦૯૯૯૩૦૮** ઉપર વોટ્સએપ પણ કરી શકશો. તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ યોજાયેલ આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં આ યોજના ખુલ્લી મૂકવામાં આવેલ છે.

અજય વડેરા, ગોંદિયા (અધ્યક્ષ - યુવા સમિતિ)

ધવલ આચાર્ય, અમદાવાદ (કન્વીનર - બ્લડ સેવા પ્રોજેક્ટ)

## અમદાવાદ

અખિલ ગુજરાત લોહાણા સમાજની કારોબારી મિટિંગ તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૬ કમીજલા મુકામે યોજાઇ. આ મિટિંગમાં તાજેતરમાં ગુજરાત રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની યોજાયેલી ચૂંટણીમાં વિજેતા થયેલા તમામ રઘુવંશીઓનું સન્માન કરવામાં આવ્યું. આ મિટિંગમાં શ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી મુકેશભાઈ ઠક્કર, શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ) તથા ચંદ્રકાન્તભાઈ તન્ના દ્વારા સુંદર સંકલન કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂજ્ય જાનકીદાસબાપુએ આગામી રામકથામાં સૌ રઘુવંશી પરિવારોને સહપરિવાર પધારવા આમંત્રણ પાઠવેલ. સમગ્ર ગુજરાતમાંથી હોદ્દેદારો કારોબારી સભ્યો તથા વિશેષ આમંત્રીત સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

– હર્ષદભાઈ કારિયા, કાર્યાલય મંત્રી

## દ્વારકા

શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ, શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા બંધાયેલ જલિયાણ અતિથિ ગૃહનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો. આ ઉપરાંત સંસ્થા દ્વારા આદર્શ લગ્નોત્સવ (એનીટાઇમ મેરેજ)ની પણ સરાહનીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

– કે.જી. હિંડોચા

## ગોંડલ

શ્રી ગોંડલ લોહાણા મહાજન દ્વારા સરકારશ્રીની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન અને ઉત્સુક યુવાન ભાઈ–બહેનો માટે દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન ટ્રેનિંગ લોહાણા મહાજન વાડી ખાતે શરૂ કરાયેલ છે જેમાં અનેક ઉત્સાહી યુવાન ભાઈ–બહેનો ભાગ લઈ રહ્યા છે.

– પ્રહલાદ્‌ભાઈ પારેખ, રમેશભાઈ કારિયા

## આદિપુર

અખિલ ગુજરાત કચ્છ લોહાણા મહાજન દ્વારા તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ ના રોજ લીલાશાહ કુટિયા આદિપુર મુકામે સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. સર્વે જ્ઞાતિબંધુઓને પધારવા હાર્દિક આમંત્રણ છે.

– કે. સી. ઠક્કર

## વલ્લભવિદ્યાનગર

જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે ૧૦મી રાષ્ટ્રીય વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીના મુખ્ય મહેમાનપદે થયું. આ સ્પર્ધા તા. ૨૪ જાન્યુઆરી, ૨૦૧૬ ને રવિવારના રોજ યોજાઈ જેમાં અનેક વિદ્યાર્થીઓએ ''આપણી પ્રવર્તમાન શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવવાની જરૂર છે'' તે વિષય પર વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યો આપ્યા.

– ચંદ્રકાંત તન્ના

## મુંબઈ

શ્રી કાંદિવલી હાલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા કાંદિવલીમાં વસતા સમસ્ત લોહાણા જ્ઞાતિજનો માટે તા. ૧૪–૨–૨૦૧૬ ને રવિવારના રોજ જલારામ મંદિર કાંદિવલી (વેસ્ટ) ખાતે સ્વાગત સમારોહ, ભજન સંધ્યા, અન્નકુટ દર્શન, ચોર્યાશી બેઠકજીની ઝાંખી અને જ્ઞાતિશ્રેષ્ઠીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો.

– ડૉ. દિલીપ રાયચુરા

## નાગપુર

શ્રી લોહાણા મહાજન નાગપુર દ્વારા તા. ૭–૨–૨૦૧૬ ના રોજ ઉચ્ચ અભ્યાસ તથા લગ્નોત્સુક પ્રોફેશનલ યુવક યુવતીઓ માટે હમલોગ વિલા નાગપુર ખાતે ભવ્ય પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું.

– નલીન કાનાબાર

## ધરમપુર

૭ ફેબ્રુઆરીના રોજ શ્રી જલારામ માનવ ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ, ધરમપુર દ્વારા ૬૧ દિકરીઓનો વિના મૂલ્યે સર્વજ્ઞાતિ સમૂહલગ્ન સમારોહનું આયોજન આ પ્રસંગે સંગીત સંધ્યા તેમચ મોક્ષરથનું લોકાર્પણ.

– પ્રજ્ઞાબેન રાજા

## ગાંધીનગર

ઉત્તર ગુજરાત દેશી લોહાણા મહાજન દ્વારા ૩૩મા સમૂહ લગ્નોત્સવનું આયોજન (પ્રેક્ષાભારતી) કોબા સર્કલ ખાતે કરેલ છે. સૌને પધારવા હાર્દિક આમંત્રણ.

– પોપટભાઈ અખાણી, જીતુભાઈ સેજાણી

## રાજકોટ

રઘુવંશી પરિવાર રાજકોટ દ્વારા તા. ૨૨–૧–૨૦૧૬ ને શુક્રવારના રોજ પૂ. વીરદાદા જશરાજજીના શહિદદિન નિમિત્તે સમસ્ત લોહાણા જ્ઞાતિભોજન (મહાપ્રસાદ)નું આયોજન થયું જેમાં થેલેસેમિયા નાબૂદી અભિયાન, ભક્તિ સંધ્યા, મહારક્તદાન શિબિર જેવા અનેક કાર્યક્રમો યોજાયા. આ પ્રસંગે પૂજ્ય હરિચરણદાસજીના આશીર્વચન પ્રાપ્ત થયા અને જ્ઞાતિગંગાના દર્શનનો અદ્‌ભૂત લહાવો પ્રાપ્ત થયો.

–અશોક હિંડોચા



# અંબાજી હોસ્પિટલ પ્રોજેક્ટ

મા આરાસુરી દેવસ્થાન, અંબાજીની પવિત્ર ભૂમિમાં કોઈ પણ જાતના નાતજાતના ભેદભાવ વિના જરૂરિયાતમંદ દર્દીઓની સર્વે પ્રકારે સેવા થઈ શકે તેવા શુભ આશયથી શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામેલ ૧૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલ સંપૂર્ણ સંચાલન સાથે સરકારશ્રી દ્વારા મળેલ છે. આ પ્રોજેક્ટમાં દર્દીઓ તેમજ સાથે આવતા સગાવહાલાંઓ માટે નિઃશુલ્ક જમવાની સગવડ તથા કોઈપણ પ્રકારના દાક્તરી અને દવાના ખર્ચ લીધા વિના સંપૂર્ણપણે આ વ્યવસ્થા ટૂંક સમયમાં કાર્યાન્વિત કરવામાં આવશે. સરકારશ્રી દ્વારા મળતા મહેકમ અને મર્યાદિત દવાઓ સિવાયના તમામ ખર્ચ દેશ-વિદેશમાં વસતા દાતાશ્રીઓના સહકારથી પૂર્ણ કરવામાં આવશે. હોસ્પિટલ પ્રોજેક્ટના સુવ્યવસ્થિત સંચાલન માટે આગામી દિવસોમાં એક્ઝિક્યુટીવ કમીટીની રચના કરવામાં આવશે.

- પોપટલાલ અખાણી (ભાભર)

# આરોગ્ય અને શિક્ષણ સહાય

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તમામ જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થઈ શકાય તેવા શુભ આશયથી સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ, શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરિટેબલ ટ્રસ્ટ તથા શ્રી કે. સી. ઠક્કર પ્રેરિત માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ અંતર્ગત આરોગ્ય અને શિક્ષણ માટે વિવિધલક્ષી સહાય આપવામાં આવે છે આ ઉપરાંત શ્રી લોહાણા મહાપરિષદ સંલગ્ન શ્રી રઘુકુળ શિક્ષણ નિધિ, રઘુકુળ આરોગ્ય નિધિ, રઘુકુળ કૌશલ્ય નિધિ તથા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ દ્વારા પણ સમાજને સમૃદ્ધ બનાવવા માટે સતત સહકાર પ્રાપ્ત થાય છે. સેવાકાર્ય માટે અંકુરિત થયેલી આ યોજનાઓ ભવિષ્યમાં એક વિશાળ વટવૃક્ષમાં પરિણમે અને સમાજ સમૃદ્ધ બને તે માટે દાતાશ્રીઓને આ ભગીરથ જ્ઞાનયજ્ઞમાં પોતાની પણ એક આહુતી આપવા અમે નમ્ર અપીલ કરીએ છીએ.

- ધર્મેશ હરીયાણી (અધ્યક્ષ - શિક્ષણ સમિતિ)

# મિસ્ડ કોલ પ્રોજેક્ટ : ૯૦૯૯૦૦૧૨૩

સમગ્ર ભારતના રઘુવંશીઓનો સુસંકલીત ડેટા બેઝ તૈયાર કરવા માટે પ્રાથમિક તબક્કામાં શક્ય તેટલા વધુ સંખ્યામાં મોબાઈલ નંબર મેળવવા માટે આ યોજના તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કમીજલા મુકામે આયોજિત આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનમાં ખુલ્લી મૂકેલ છે. આ અંતર્ગત સર્વે રઘુવંશીઓને ઉપરના નંબર પર કોલ કરવાથી આપને આભાર પ્રગટ કરતો જવાબી એસએમએસ મળશે. ભવિષ્યમાં આ નંબરોનો ઉપયોગ કરી પરીવારોની જરૂરી માહિતી એકત્ર કરવામાં આવશે તેમજ પ્રમુખશ્રી અને હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ અન્ય યોજનાઓના વ્યાપ માટે આ ડેટાનો ઉપયોગ કરવામાં આવશે. સમગ્ર ભારતમાં વસતા રઘુવંશીઓ ઉપરોક્ત નંબર ઉપર કોલ કરે અને બીજાને પ્રેરણા આપે તેવી વિનંતી.

- જીતેન્દ્ર કારિયા (કાર્યાલય મંત્રી)

# દાનની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કરવામાં આવતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને ગતિશીલ બનાવવા અને સહાયની યોજનાઓને વ્યાપક બનાવવા આપશ્રી ઉદાર હાથે સહાય આપો અને જરૂરિયાતમંદ પરિવારોના આશીર્વાદ મેળવો. પરમાત્માએ આપણને આપેલી શક્તિઓને સેવાકાર્યમાં સંકલ્પીત કરીએ અને આપણા ત્યાં ઉજવાતા શુભ પ્રસંગોએ માતૃસંસ્થાને યાદ કરી શુભેચ્છા ભેટ અર્પણ કરીએ.

**શ્રી લોહાણા મહાપરિષદ**
બેંક ઓફ બરોડા, એસ. જી. હાઈવે બ્રાન્ચ, અમદાવાદ.
A/c. No. 30370100002313
IFSC Code : BARBOSGHAHM

**રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ**
બેંકિંગ : (ભારતમાંથી જ રકમ જમા કરાવવા માટે)
બેંક ઓફ બરોડા, એસ.જી. હાઈવે બ્રાન્ચ, અમદાવાદ.
A/c. No. 30370100002314
IFSC Code : BARBOSGHAHM

**રઘુવંશી ચેરિટેબલ ટ્રસ્ટ બેંકિંગ : (વિદેશમાંથી રકમ જમા કરાવવા માટે)**
Name : Raghuvanshi Charitable Trust
FCRA Number : 083780830R    SWIFT Code : BARBINBBSGH
Account Number : 30370100005663    Name of Bank : Bank of Baroda
Name of Branch : S.G. Highway Branch, Ahmedabad, Gujarat, India

- હિંમતભાઈ કોટક
- નિતિનભાઈ પાંધી
(ખજાનચી)

**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th February 2016


# આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલનને ખૂબ ખૂબ શુભેચ્છાઓ....

**શ્રી ઠાકોરલાલ વ્રજલાલ ઠક્કર (છાણીવાળા)** (મો. ૯૮૯૮૬૧૧૬૩૯, ૮૭૫૮૮૬૬૭૭૭)

અધ્યક્ષ :
સમાધાન સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ
તત્કાલીન પૂર્વ પ્રમુખ :
અખિલ ગુજરાત લોહાણા સમાજ
મેનેજીંગ ટ્રસ્ટી :
અખિલ ગુજરાત લોહાણા ટ્રસ્ટ
પ્રમુખ :
રવીભાણ મંદિર ટ્રસ્ટ, શેરખી, વડોદરા

માનદ્ મંત્રી અને ટ્રસ્ટી :
શ્રી મહીરેવા લોહાણા બોર્ડીંગ હાઉસ, રાવપુરા, વડોદરા
માનદ્ મંત્રી ટ્રસ્ટી :
શ્રી મગનભુવન વાડી ટ્રસ્ટ, વડોદરા
પેટ્રન :
વડોદરા લોહાણા યુવા સંગઠન
મેનેજીંગ ટ્રસ્ટી :
સ્વ. લલીતાબેન વ્રજલાલ ઠક્કર ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા

**ના જય જલારામ, જય રવીભાણ**

## રેસીડેન્સ પ્લોટીંગ

| | | | |
|---|---|---|---|
| ધુન રેસીડેન્સી<br>માંડવી | બાલાજી ઉપવન<br>બગોદરા તારાપુર ૬ લેન હાઈવે | બાલાજી ડ્રીમ સીટી<br>બગોદરા ભાવનગર હાઈવે | નવકાર ગ્રીન્સ<br>બગોદરા |

ઓફીસ
જે.ડી. ઈન્ફ્રા સ્પેસ પ્રાઈવેટ લિમીટેડ
૩૦૩, આર્શીવાદ પારસ બિલ્ડીંગ,, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર ગાર્ડનની સામે, અમદાવાદ
જયેન્દ્ર ડી ઠક્કર (મો.) ૯૯૭૯૩૬૯૯૯૯

હાર્દિક શુભેચ્છા સહ

**જીગીશભાઈ બચુભાઈ કોટક, અમદાવાદ**
**જયેશભાઈ તલકશીભાઈ કોટક, અમદાવાદ**
**ભરતભાઈ ઈશ્વરલાલ કોટક, અમદાવાદ**
**કનુભાઈ ખીમજીભાઈ કોટક, અમદાવાદ**
**ફરસુભાઈ કાંતિલાલ કોટક, અમદાવાદ**
**તથા**
**સમગ્ર કોટક પરિવારના જય સિયારામ**


**President and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)